# 6

**અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં પાણી પુરૂ પાડવા બાબત**

*15/4/2184 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા): **ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૨૫/૦૭/૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૯૫૫૮ (અગ્રતા–૨૬૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:–**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં ઘરે ઘરે પાણી પૂરૂં પાડવા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) | <u>બહેરામપુરા વોર્ડ</u>:-<br>• બહેરામપુરા વોર્ડમાં પાણીની ટાંકીને સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br><u>લાંભા વોર્ડ</u>:-<br>• લાંભા વોર્ડમાં આકૃતિ ફ્લેટ પાસે, શ્રીનાથ ફ્લેટ પાસે, સૈજપુર ગામ ખાતે તથા ઇન્દીરાનગર–૧ તથા ઇન્દીરાનગર–૨ પાસે નવા બનાવવામાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br>• શાહઆલમનગર, છનાનગર તથા શિવમ પાર્ક પાસે નવા બોરવેલ બનાવી સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br>• ઉમંગ ફ્લેટ પાસેના નવા બનતા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી ૯૦ % જેટલી પુર્ણ કરવામાં આવેલ છે.<br><u>વટવા વોર્ડ</u>:-<br>• વટવા વોર્ડમાં પાણીની ટાંકીના સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે. |
| (૨) | ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) | બનતી ત્વરાએ. |

-----------